જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૩/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૩૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૧૭	૦	૧૧૩૧૭	૧૭૪૩૭	૦	૧૭૪૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૩	૦	૪૭૦૩	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૭૭૩	૨૦૭	૨૯૯૮૦	૩૧૧૩૫	૨૦૯	૩૧૩૪૪
કુલ		૪૫૮૬૩	૨૦૭	૪૬૦૭૦	૫૫૦૭૬	૨૦૯	૫૫૨૮૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૬	૧૦,૩૦,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૧૩	૮,૧૩,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૩૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૪૨૭ લીટર દેશી દારૂ, ૧૩૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૦૫ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૩૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૪૦/૨૦૨૧**

ઇસનપુરઃ દેવાંશી ડો/ઓ હિતેશભાઇ શાહ (ઉ.વ.૨૩) (રહે. અંબીકા ટેનામેન્ટ પ્રિન્સ કોર્નર રેસ્ટોરન્ટ સામે ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૧ બપોરના ૨/૩૦ થી સાજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૯૭૯૬૬૪૪૬૯૯ અને ૭૦૧૪૭૦૭૪૭૨ ના ધારકે ફેસબુક ઉપર એક્ટીવા વેચાણ મુકતા દેવાંશી શાહે એક્ટીવાની ખરીદી માટે ફોન કરતા એક્ટીવાની ડિલીવરી માટે વિશ્વાસમાં લઇ દેવાંશી શાહ પાસેથી ફોન-પે થી અલગ-અલગ ટ્રાન્જેક્શન કરાવી કુલ રૂપિયા ૨૪,૧૧૮/- ટ્રાન્સફર કરાવી નાણાં મેળવી લઈ એક્ટીવાની ડીલીવરી નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૪૧/૨૦૨૧**

ચાંદખેડાઃ દિગ્વીજયસિહ વિક્રમસિહ સોલંકી (ઉ.વ.૨૬) (રહે.ગામ-મુનપુર તા.કડાણા જી.મહીસાગર વતન-પાવાપુર તા.લુણાવાડા જી.મહીસાગર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૧ સાજના ૭/૩૦ થી ૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા વિસત ગાંધીનગર હાઇવે ડીકેથલોન શો-રૂમના આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫,૫૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

<u>સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૫૪૨/૨૦૨૧</u>**

સરદારનગરઃ મનિષાબહેન પ્રકાશભાઇ ચૌધરી (ઉ.વ.૩૫) (રહે. વૈકુંઠ વિહાર સોસાયટી ગેલેક્ષી સામે કુબેરનગર સરદારનગર) તા.૧૯/૦૩/૨૦૨૧ સવારના ૫/૪૫ વાગ્યાના સુમારે રમ્યકુંજ સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મનિષાબહેન ચૌધરીના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મનિષાબહેન ચૌધરીએ તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૫૪૩/૨૦૨૧</u>**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ગણેશભાઈ સુનિલભાઈ દુધમોગરે (ઉ.વ.૨૯) (રહે.ઉમિયાનગર સોસાયટી શાહવાડી) તા.૨૨/૦૩/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ખોડીયારનગર ચાર રસ્તા નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ડમ્પર ગાડી નંબર જીજે ૦૧ એફ.ટી. ૪૮૮૨ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, મોટર સાયકલને ટક્કર મારતા ગણેશભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ ગણેશભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ રૂહાન આસોફલાવા એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી આર.જી.દેસાઈ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૫૪૪/૨૦૨૧</u>**

નારોલઃ વસંતભાઇ રાજુભાઇ રાણા (ઉ.વ.૨૧) (રહે. ગંગોત્રીનગર ઉમંગ ફ્લેટ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૩/૨૦૨૧ સાજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી